| | | | | | |
|---|---|---|---|---|---|
| GJBK010007212026 | સત્યમેવ જયતે | દાખલ તારીખ | ૧૩/૦૨/૨૦૨૬ | | |
| | | રજીસ્ટર્ડ તારીખ | ૧૩/૦૨/૨૦૨૬ | | |
| | | નિકાલ તારીખ | ૨૪/૦૨/૨૦૨૬ | | |
| | | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૦ | ૦૦ | ૧૦ |

---

**પાલનપુરના મહે.ત્રીજા અધિક સત્ર ન્યાયાધીશ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મું.પાલનપુર.**
**ક્રિ.પર.અ.નં. ૨૨૧/૨૦૨૬**

---

**આંક :-**

દિલીપ અર્જુનભાઇ ડાભી (બાવરી)
ઉ.વ. પુખ્ત, ધંધો. ઓટોરીક્ષા ડ્રાઇવર,
રહે. માનસરોવર ફાટક બાવરી ડેરા-પાલનપુર,
તા. પાલનપુર, જિલ્લો. બનાસકાંઠા.
(હાલ-સબ જેલ, પાલનપુર) **....અરજદાર**

**વિરૂધ્ધ...**

શ્રી સરકાર
(જિલ્લા સરકારી વકીલશ્રી, પાલનપુર) **....સામાવાળા**

---

અરજદાર તરફે વિ.વકીલ શ્રી યુ. એ. મિરઝા.
શ્રી સરકાર તરફે એડી.પી.પી. શ્રી જે.એસ.પટેલ.
મૂળ ફરીયાદી તરફે વિ.વકીલ શ્રી એમ. આર. ચૌધરી.

---

**બાબત: -** બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા અંગે...

---

**:- ચૂકા દો :-**

(૧) આ કામના અરજદાર વિરૂધ્ધ પાલનપુર પશ્ચિમ પો.સ્ટે.ગુ.રજી. નં.૧૧૧૯૫૦૧૦૨૫૧૧૨૨/૨૦૨૫, બી.એન.એસ.કલમ–૧૦૩(૧), ૧૦૯(૧), ૧૧૫(૧), ૧૮૯(૨), ૧૯૦, ૧૯૧(૨), ૧૯૧(૩), ૩(૫), ૩૨૪(૪), ૬૩(૧) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો નોંધાયેલ છે અને હાલમાં તેઓ જયુડી. કસ્ટડીમાં છે તેથી અરજદારે હાલની આ અરજી બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા માટે દાખલ કરેલ છે.

(૨) અરજદારની અરજી અન્વયે આ કામના સામાવાળાને નોટીસ કરતાં, સામાવાળા તરફે વિ. એડી. પી. પી. શ્રી જે. એસ. પટેલે પોતાની હાજર પુરસીસ આંક–૦૫ થી રજૂ કરેલ છે.

(૩) અરજદારની અરજી અન્વયે આ કામના ત.ક.અધિકારીશ્રીએ આંક.૦૯ થી પોતાનું સોગંદનામું રજૂ કરેલ છે, જેમાં તેઓએ અરજદારની અરજીનો વિરોધ કરેલ છે અને તેમણે અરજદારને જામીન મુકત ન કરવા માટે વિનંતી કરેલ છે. મૂળ ફરીયાદી તરફે વિ.વ.શ્રી એન.આર.ફોસી તથા શ્રી એમ. આર. ચૌધરીએ પોતાનું વકીલાતપત્ર રજુ કરેલ છે. તેમણે મૂળ ફરીયાદીનું સોગંદનામું આંક–૧૨ થી રજૂ કરેલ છે, જેમાં તેઓએ અરજદારની અરજીનો વિરોધ કરેલ છે અને તેમણે અરજદારને જામીન મુકત ન કરવા માટે વિનંતી કરેલ છે.

(૪) અરજદાર/આરોપી તરફે વિ.વકીલ શ્રી યુ. એ. મિરઝાને સાંભળ્યા. તેઓ તેમની રજુઆતમાં જણાવે છે કે, અરજદાર નિર્દોષ છે. તેણે કહેવાતો કોઇ ગુનો કરેલ નથી. તે ગુના સંબંધે કાંઇ જાણતો નથી. પોલીસે એકમાત્ર શંકાના આધારે તેની હાલના ગુનામાં ખોટી રીતે સંડોવણી કરેલ છે. તે ઓટોરીક્ષા ચલાવી પોતાના કુટુંબનું ભરણ પોષણ કરે છે. તેનું એફ. આઇ. આર. માં કોઇ નામ નથી. એફ. આઇ. આર. માં તેણે શું ભૂમિકા ભજવેલ છે તેનો પણ કોઇ ઉલ્લેખ નથી. કોઇ

અગમ્ય કારણોસર ખોટી રીતે હાલના આરોપીને આ ગુનામાં સંડોવવામાં આવેલ છે. વધુમાં તેઓ તેમની રજૂઆતમાં જણાવે છે કે, આ કામે પોલીસનું સોગંદનામું ધ્યાનમાં લેતાં તેમાં પણ ઘણી બધી વિસંગત્તાઓ છે. આ કામે બનાવ રામદેવ હોટલ પાસે બનેલો છે. જયારે પોલીસે જે સી. સી. ટી. વી. ફૂટેજ આ કામના આરોપી પૂરતા કબજે લીધેલ છે તે હોટલ કેપલ આગળના કબજે લીધેલ છે જે બંને હોટલ વચ્ચે અંદાજે ૨–કિ. મી. જેટલું અંતર આવેલું છે. તેઓ વધુમાં રજૂઆત કરતાં જણાવે છે કે, અરજદાર ઓટોરીક્ષા ચલાવી પોતાના કુટુંબનું ભરણપોષણ કરતાં હોવાથી તેઓ પેસેન્જરોની શોધમાં રહેતા હોય છે. તેઓ હોટલ કેપલ આગળ પોતાની રીક્ષા જાહેરમાં પાર્ક કરી ઉભા હતા તે દરમ્યાન પેસેન્જર આવતાં તેઓ પેસેન્જરને બેસાડીને ગયેલા અને ત્યારબાદ ભાડું લેવા ઉભા હતા તે દરમ્યાન તેઓ સી. સી. ટી. વી. માં નજરે પડેલ છે. રીક્ષા ચાલકે પેસેન્જર પાસે કઇ વસ્તુઓ છે કે કયા હથિયારો છે તેની કોઇ પૂછપરછ કરવાની હોતી નથી અને તે કોઇ પૂછપરછ કરી શકે નહીં, તેને માત્ર પોતાના ભાડાથી મતલબ હોય છે. એક માત્ર સહ આરોપીઓ અરજદારની જ્ઞાતિના હોવાથી હાલના ગુનામાં તેનું નામ સંડોવી દીધેલ છે. વધુમાં તેઓ તેમની રજૂઆતમાં જણાવે છે કે, તે પેસેન્જરોએ તેમને ભાડું ન આપતાં ભાડું મેળવવા માટે તેમણે તેમને ફોન કરેલ છે અને બીજા દિવસે પણ ભાડું માંગવા માટે ફોન કરેલો છે. આમ સહ આરોપીઓના ફોનમાં તેમની જે કોલ ડિટેઈલ રેકર્ડ થયેલ છે તે ભાડું માંગવા માટે તેમને જે કોલ કરેલા તેના લીધે આવેલ છે. વધુમાં તેઓ તેમની રજૂઆતમાં જણાવે છે કે, આ કામે પોલીસનું સોગંદનામું ધ્યાનમાં લેતાં તેની પાસેથી ધોકો કબજે લીધેલ છે તેવો આક્ષેપ છે જેની ઉપર પણ કોઇ લોહીના ડાઘ જણાઇ આવેલ નથી. પોલીસના સોગંદનામામાં રીક્ષા સી. સી. ટી. વી. માં જોવા મળેલ હોય તેવો કોઇ ઉલ્લેખ નથી. આમ તેની ખોટી રીતે હાલના કેસમાં ધરપકડ કરવામાં આવેલી છે. તે તા. ૧૯/૦૧/૨૦૨૫ થી જયુડી. કસ્ટડીમાં છે. તેની વિરૂધ્ધની તપાસ લગભગ પૂર્ણ થઇ ગયેલ

હોવી જોઇએ. તેનો કોઇ ગુનાહિત ઈતિહાસ નથી. તેના કુટુંબના ભરણપોષણની જવાબદારી તેના ઉપર છે. તેની માતા બિમાર રહે છે. તેની સારવારના સર્ટીફીકેટ પણ તેમણે અરજી સાથે રજૂ કરેલ છે. તે જ રીતે તેમની દીકરી પણ બિમાર રહે છે. તેની સારવારના સર્ટીફીકેટ પણ તેમણે રજૂ કરેલ છે. તે સ્થાવર તથા જંગમ મિલકતો ધરાવે છે. તેનો કોઇ ગુનાહિત ઈતિહાસ નથી. જો તે ખોટી પ્રવૃતિ કરતો હોત તો, આજદિન સુધીમાં તેની વિરૂધ્ધ ગુનો નોંધાયેલ હોત પરંતુ તેની વિરૂધ્ધ કોઇ પણ ગુનો નોંધાયેલ નથી. તે શરતોનું પાલન કરવા તૈયાર છે અને જામીન આપવા પણ તૈયાર છે. તેમ જણાવી તેમણે તેને જામીન મુકત કરવા માટે દલીલો કરેલ છે.

(૫) સામાવાળા શ્રી સરકાર તરફે વિ. એડી. પી. પી. શ્રી જે. એસ. પટેલને સાંભળ્યા. તેઓ તેમની રજૂઆતમાં જણાવે છે કે, આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ બી.એન.એસ.કલમ–૧૦૩(૧), ૧૦૯ (૧), ૧૧૫(૧), ૧૮૯(૨), ૧૯૦, ૧૯૧(૨), ૧૯૧(૩), ૩(૫), ૩૨૪(૪), ૬૩(૧) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુના અંગેનો આક્ષેપ છે. આ કામના મુખ્ય આરોપીને મરણજનાર તથા ઈજાપામનાર સાહેદો સાથે પૈસાની લેતી દેતી બાબતે મનદુ:ખ હોવાથી આ કામના મુખ્ય આરોપી ભાર્ગવભાઇ મંડોરા તથા અન્ય આરોપીઓ એ ભેગા મળી કાવતરું રચી, હોટલ રામદેવ આગળ મરણજનાર નિતીનભાઇ તથા તેની સાથેના અન્ય સહ આરોપીઓએ ભેગા મળી ગેર કાયદેસર મંડળી રચી તલવાર, પાઇપ, ધોકો તથા પથ્થર જેવા હથિયારો ધારણ કરી, માર મારી ગંભીર ગુનો કરેલ છે. વધુમાં તેઓ તેમની રજૂઆતમાં જણાવે છે કે, આ કામના આરોપીનો રોલ ધ્યાનમાં લેતાં આ કામના આરોપીને અન્ય સહ આરોપી જે અર્જુનભાઇ બાવરી હતો તેણે ફોન કરેલ અને અર્જુનભાઇ બાવરીને મુખ્ય આરોપી ભાર્ગવભાઇ મંડોરાએ ફોન કરી બોલાવેલો. આ કામના આરોપી પોતાની રીક્ષામાં અન્ય સહ આરોપીઓને પહેલાં હોટલ કેપલ પાસે

આવી ભેગા મળી કાવતરું રચી પોતાનો સમાન ઈરાદો પાર પાડવા સારું લોખંડની પાઈપ, તલવારો તથા ધોકાઓ જેવા જીવલેણ હથિયારો ધારણ કરી, હોટલ રામદેવ આગળ જઈ મરણજનાર તથા ઈજાપામનાર સાહેદો ઉપર અચાનક હુમલો કરેલો અને તે બનાવમાં આ કામના આરોપીના હાથમાં ધોકો હતો. તપાસ દરમ્યાન પોલીસના સોગંદનામાં મુજબ આ કામના સાહેદ નિતીનભાઈ કેસરભાઈના નિવેદનમાં અરજદારનું નામ ખુલવા પામેલ છે. ફરીયાદી તથા સાહેદ મયુરભાઈ પરીચા આ કામના અરજદારને ઓળખતા ન હોવાથી પોલીસે તપાસ દરમ્યાન એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ પાસે આરોપીની ઓળખપરેડ કરાવતાં અરજદાર/આરોપીને ફરીયાદી તથા સાહેદે ઓળખી બતાવેલ છે. પોલીસે તપાસ દરમયાન આ કામના આરોપીએ ગુનામાં વાપરેલ ધોકો ડીસકવરી પંચનામાં દરમ્યાન કબજે લીધેલ છે. આમ તેની વિરૂધ્ધ કોલ ડિટેઈલ્સ, કાવતરું તથા મરણજનાર અને ઈજાપામનારને ધોકા વડે માર માર્યાનો આક્ષેપ હોવાથી અને તે ગેરકાયદેસર મંડળીના સભ્ય હોવાથી તેમણે તેમનો સામાન ઈરાદો ગુના સંબંધે દરેકની જવાબદારી સરખી થતી હોવાથી અને ગુનાની તપાસ ચાલુ હોવાથી અને ચાર્જશીટ પણ થયેલ ન હોવાથી તેને જામીન પર મુકત કરવા સામે પોતાનો વાંધો દર્શાવેલ છે.

(૬) આ કામે મૂળ ફરીયાદી તરફે વિ. વ. શ્રી એમ. આર. ચૌધરીને સાંભળ્યા. આ કામે મૂળ ફરીયાદીએ અરજદારની અરજીનો વિરોધ કરતું સોગંદનામું આંક.૧૨ થી રજૂ કરેલ છે. જેમાં તેમણે સોગંદનામામાં અને ફરીયાદની વિગતો તથા અન્ય વિગતો જણાવેલ છે જે ધ્યાને લીધી. આ કામે તેમની મુખ્ય રજૂઆત છે કે, આરોપીઓ સામે કાવતરાનો આક્ષેપ છે. જયારે કાવતરાનો આક્ષેપ હોય ત્યારે એવીડન્સ એકટની કલમ ૧૦ અનુસાર શરૂઆતના તબકકે આરોપીનું નિવેદન પણ મહત્વ ધરાવે છે. વધુમાં તેઓ રજૂઆત કરતાં જણાવે છે કે, આ કામે હાલના અરજદાર તથા અન્ય સહ આરોપીઓએ ભેગા મળી

ગેરકાયદેસર મંડળી બનાવી પોતાનો સમાન ઈરાદો પાર પાડવા સારૂ હથિયારો ધારણ કરી જયારે મરણજનારનું મોત નિપજાવેલ હોય અને ઈજાગ્રસ્તને ઈજા કરેલ હોય ત્યારે દરેકનો રોલ એક સમાન ગણાય અને એક માત્ર હથિયારના આધારે તેમનો રોલ હાલના તબકકે અલગ પાડી શકાય નહીં. આમ આરોપી વિરૂધ્ધ ગંભીર ગુનો હોવાથી તેમજ આરોપી તરફે જે એક રજૂઆત છે કે, તેની દીકરી બિમાર રહે છે અને તેમની માતા પણ બિમાર રહે છે પરંતુ આ કામના આરોપી તથા અન્ય આરોપીઓએ ભેગા મળી મરણજનારને પણ એક વર્ષનો દીકરો છે તેને પિતા વિહીન બનાવી દીધેલ છે અને તેના ભરણપોષણનો પણ પ્રશ્ન છે તે સંજોગોમાં તેમણે હાલની આ જામીન અરજી નામંજૂર કરવા માટે દલીલ કરેલ છે અને પોતાની ઉપરોકત દલીલોના સમર્થનમાં તેમણે નીચે મુજબના ચાર ચૂકાદાઓ ઉપર આધાર રાખેલ છે.

૧. ક્રિમી. અ. નં. ૧૭૫૫/૨૦૧૧
હરીભાઇ સાહેબ દિનકર ખરૂસે અને એન. આર.
વિ. મહારાષ્ટ્ર રાજય.

૨. ક્રિમી. અ. નં. ૧૮૩૫–૩૬/૨૦૧૧
સીતારામ કુછબેડિયા વિ. વિમલ રાણા અને અન્ય.

૩. ક્રિમી. અ. નં. ૧૧૭૬/૨૦૧૨
વિનોદ એન્ડ અજય વિ. મધ્યપ્રદેશ રાજય.

૪. ૨૦૧૯(૦) એઆઇજેઇએલ–એસસી ૬૩૩૫૦
મોનુ વિ. ઉત્તરપ્રદેશ રાજય.

(૭) ત્રણેય પક્ષની રજૂઆતો ધ્યાને લીધી, એફ.આઈ.આર. વંચાણે લીધી. અરજીની સાથે રજૂ કરેલ દસ્તાવેજો તથા ત.ક.અ.શ્રી તથા મુળ ફરીયાદીનુ સોગંદનામું ધ્યાને લીધું. તેમજ મૂળ ફરીયાદી તરફે રજૂ કરેલ ઓથોરીટી ધ્યાને લીધી.

(૮) આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ બી. એન. એસ. કલમ ૧૦૩ (૧), ૧૦૯ (૧), ૧૧૫(૧), ૧૮૯(૨), ૧૯૦, ૧૯૧(૨), ૧૯૧

(૩), ૩(૫), ૩૨૪(૪), ૬૩(૧) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો નોંધાયેલ છે. આ કામે મુખ્ય આરોપી ભાર્ગવ મંડોરા ઉર્ફે લાલો માળી કે જેનું નામ એફ. આઇ. આર. માં છે તેણે સહ આરોપીઓને બોલાવી કાવતરું રચી પોતાને નિતીનભાઇ કેસરભાઇ સાથે નાણાંકીય લેતી દેતી બાબતે ફોનમાં બોલાચાલી થયેલી તે સમયે હોટલ રામદેવ આગળ આવી તેના ઉપર તથા અન્ય સાહેદો ઉપર હુમલો કરાવ્યાનો આક્ષેપ છે જે બનાવમાં નિતીનભાઇ મરણ ગયેલ છે. જયારે અન્ય એક સાહેદ ઈજાગ્રસ્ત થયેલ છે અને પોલીસ સોગંદનામાં પ્રમાણે તે હજુ સારવાર હેઠળ છે. આ કામે હાલના આરોપીનો રોલ ધ્યાને લઈએ તો અરજદાર/આરોપીના વિ. વ. શ્રીની રજૂઆત પ્રમાણે તે ઓટોરીક્ષા ડ્રાઈવીંગ કરી પોતાનું ભરણપોષણ કરે છે અને તે પેસેન્જરો બેસાડીને ગયેલ અને ભાડું લેવા ઉભેલ હતો તે દરમ્યાન સી. સી. ટી. વી. માં નજરે પડેલ છે. જયારે પોલીસ સોગંદનામાં પ્રમાણે આ કામના અરજદારને મુખ્ય આરોપી જે ભાર્ગવ મંડોરા હતો તેણે અનિલ બાવરીને ફોન કરી બોલાવેલો અને અનલ બાવરીએ હાલના આરોપીને ફોન કરી રીક્ષા બોલાવી હલાના આરોપી તથા અન્ય આરોપીઓ હાલના આરોપીની રીક્ષામાં ધોકા, તલવારો, પાઇપ વિગેરે જેવા હથિયારો ધારણ કરી ત્યાંથી સ્થળ ઉપર ગયેલા. પોલીસના સોગંદનામાં પ્રમાણે હાલના આરોપીના હાથમાં ધોકો હતો તેણે ઈજાપામનાર તથા મરણજનારને ધોકાથી માર મારેલ છે. તપાસ દરમ્યાન ધોકો પણ કબજે થયેલ છે. આરોપીઓની કોલ ડિટેઈલ્સ મેળવતા એકબીજા સાથે સંપર્કમાં રહેલ છે. આ કામે ફરીયાદપક્ષના કેસ અનુસાર આ કામના આરોપીઓએ કેપલ હોટલ આગળ કાવતરું રચી હોટલ રામદેવ પાસે જઈ મરણજનાર તથા ઈજાપામનાર ઉપર અચાનક હથિયારો વડે હુમલો કરી માર મારેલો છે. આમ આ કામના આરોપી પ્રથમદર્શનીય રીતે શરૂઆતથી જ ગેરકાયદેસર મંડળીના સભ્ય હોય તેમ જણાઈ આવે છે. તેમની રીક્ષામાં તેઓ અન્ય આરોપીઓને ધોકા સાથે તેમજ પોતે પણ ધોકા સાથે ગયેલ હોય તેવો

સ્પષ્ટ તેમની વિરૂધ્ધ આક્ષેપ છે અને ઈજાગ્રસ્ત તથા મરણજનારને માર માર્યાનો પણ તેમની વિરૂધ્ધ આક્ષેપ છે જે ગુનાની તપાસ હજુ ચાલુ છે. ચાર્જશીટ પણ ફાઇલ થયેલ નથી તે સંજોગોમાં તેની તરફેણમાં તેને જામીન પર મુકત કરવાની વિવેક બુધ્ધિની સત્તા તેની તરફેણમાં વાપરવી યોગ્ય જણાતી નથી.

અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે, આ કામના અરજદારના વિ. વ. શ્રીએ કાયદાના સંઘર્ષમાં આવેલ અન્ય આરોપીને જુવેનાઇલ કોર્ટે જામીન પર મુકત કરેલ છે તેમજ અન્ય એક આરોપી આદિત્ય પ્રવિણભાઇ ડાભીને અત્રેની અદાલતે જામીન પર મુકત કરેલ છે તેની સાથે પેરીટી કલેઇમ કરેલ છે પરંતુ આ કામે કાયદાથી સંઘર્ષમાં આવેલ આરોપીને જે જામીન પર મુકત કરેલ છે તેનો કોઇ હુકમ રજૂ કરેલ નથી તેથી કયા કારણોસર તેને જામીન મુકત કરેલ છે તે હાલની અદાલત હુકમ રજૂ થઇ શકેલ ન હોવાથી તે ધ્યાને લઇ શકેલ નથી. જયારે અત્રેની અદાલતે જે અન્ય સહ આરોપી આદિત્ય પ્રવિણભાઇ ડાભીને જામીન પર મુકત કરેલ તેના હુકમમાં અત્રેની અદાલતે સ્પષ્ટ નોંધેલ છે કે, તેની વિરૂધ્ધ ફરીયાદપક્ષના કેસ અનુસાર પથ્થર માર્યા અંગેનો આક્ષેપ છે. તેનું એફ. આઇ. આર. માં નામ નથી. એફ. આઇ. આર. માં પથ્થર મારવા બાબતનું કોઇ વર્ણન નથી. તે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી રહેલ છે તે સંજોગોમાં તેને અદાલતે જામીન પર મુકત કરેલ છે જે સંજોગો હાલના આરોપીના સંદર્ભમાં ન હોવાથી અને તેનો રોલ અલગ હોવાથી અને તેની વિરૂધ્ધ પોલીસના સોગંદનામાં પ્રમાણે તે કાવતરાનો ભાગ હોય તેણે ધોકો ધારણ કરેલ હોય જે ધોકો પણ તપાસ દરમ્યાન કબજે કરવામાં આવેલ હોય અને તેની કોલ ડિટેઈલ્સ પણ મળી આવેલ હોય તે સંજોગો ધ્યાનમાં લેતાં તેનો કેસ જામીન પર મુકત કરેલ આરોપીથી અલગ હોવાથી તે પેરીટીનો લાભ મેળવવા પણ હકકદાર ન હોય તે સંજોગોમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:- હુકમ -:**

અરજદાર/આરોપીની પ્રસ્તુત  જામીન અરજી આથી નામંજૂર કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

મું. પાલનપુર.
તા. ૧૮/૦૩/૨૦૨૬

**(પીયૂષકુમાર અશોકભાઈ પટેલ)**
ત્રીજા એડીશનલ સેશન્સ જજ,
બનાસકાંઠા-પાલનપુર.
કોડ નં.જી.જે.૦૦૮૦૩